# 18. किं नाम व्यक्तित्वम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃતસાહિત્યમાં ભર્તૃહરિ અનેક રીતે પ્રસિદ્ધ છે. કેટલાક લોકો ભર્તૃહરિ એક નહિ, અનેક થયા હોવાનું સ્વીકારે છે. તે પૈકી એક ભર્તૃહરિ વૈયાકરણ છે, બીજા વૈરાગી છે. વૈયાકરણ ભર્તૃહરિની પ્રસિદ્ધિ વાક્યપદીય નામના ગ્રંથને કારણે અને વૈરાગી ભર્તૃહરિની પ્રસિદ્ધિ ત્રણ શતકો (નીતિશતક, વૈરાગ્યશતક અને શૃંગારશતક)ના કારણે છે. ગમે તે હોય, પણ એ નક્કી છે કે વૈયાકરણ ભર્તૃહરિ કરતાં શતકત્રયના રચયિતા ભર્તૃહરિ વધારે લોકભોગ્ય રહ્યા છે.

પ્રસ્તુત પાઠનો આધાર નીતિશતકનો એક શ્લોક છે. આ શ્લોકમાં ભર્તૃહરિએ જે વિચાર રજૂ કર્યો છે, તેના આધારે માનવીય વ્યક્તિત્વનું એક સુંદર રેખાચિત્ર દોરવાનો અહીં ઉપક્રમ છે.

પ્રત્યેક માનવના જીવનમાં ક્યારેક ને ક્યારેક છ અવસર આવતા જ હોય છે. જો કે વ્યક્તિની પોતાની પદ-પ્રતિષ્ઠાના સંદર્ભે આ છ પ્રસંગોનો વ્યાપ લાંબો ટૂંકો હોઈ શકે છે, પણ તે આવતા તો હોય જ છે, એ નક્કી છે. આ છ અવસર છે - विपत् तथा अभ्युदय, सदस् કે युध्માં સ્થિતિ અને यशस् કે श्रुतिનો વિચાર. આ અવસરમાં માણસ ક્રમશઃ ધૈર્ય અને ક્ષમા ભાવ રાખે, वाक्पटुता અને विक्रम નું પ્રદર્શન કરે, यशस्માં રતિ અને श्रुतिમાં વ્યસન રાખે, તો તેનું વ્યક્તિત્વ મહાન બને છે. જેનું વ્યક્તિત્વ મહાન છે, તે જ મહાત્મા છે. આ રીતે અહીં માનવીય વ્યક્તિત્વના વિકાસનું રેખાચિત્ર દોરીને પ્રત્યેક માનવને મહાત્મા બની રહેવા પ્રેરણા કરવામાં આવી છે. પાઠગત પદ્યનો છંદ દ્રુતવિલમ્બિત છે.]

---

सर्वेषां जनानामियं कामना भवति यदस्मदीयं व्यक्तित्वं महत् स्यात्। साम्प्रतिके समाजे तु व्यक्तित्वस्य निर्माणाय जनाः विशेषतः प्रयत्नरताः सन्ति। विविधेन उपायेन विविधया च क्रियया ते स्वकीयं व्यक्तित्वं विकासयितुं प्रयतन्ते। परन्त्वत्र किमिदं व्यक्तित्वम् – इत्येकः महान् प्रश्नः। अस्य प्रश्नस्य सर्वसम्मतम् उत्तरं न सम्भाव्यते। वस्तुतः मानवीयस्य व्यक्तित्वस्य स्वरूपं विभिन्नमस्ति। तथापि यावत्पर्यन्तं व्यक्तित्वस्य स्वरूपमेव नावगच्छामः, तावत्पर्यन्तं कथं नाम व्यक्तित्वस्य निर्माणाय प्रयत्नः सम्भवति।

संस्कृतसाहित्ये भर्तृहरिनाम्ना सुप्रसिद्धेन कविरत्नेन नीतिशतकं वैराग्यशतकं शृङ्गारशतकं चेति शतकत्रयं विरचितमस्ति। तत्र नीतिशतके एकः सुप्रसिद्धः श्लोकः वर्तते। तद्यथा –

विपदि धैर्यमथाभ्युदये क्षमा,
सदसि वाक्पटुता युधि विक्रमः।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्॥

अस्मिन् श्लोके कविना महात्मनां प्रकृतिसिद्धं व्यक्तित्वं वर्णितमस्ति। तच्चेत्थम् अवगन्तव्यम् – जीवने प्रत्येकं जनेन विपदः अभ्युदयस्य च साक्षात्कारः करणीयो भवति। तत्र विपदि धैर्यं धरणीयं भवति अभ्युदये च क्षमा करणीया भवति।

कर्तव्यमाचरता जनेन कदाचित् सदसि युद्धे वा स्थितिः करणीया भवति। तत्र सदसि वाक्पटुता आचरणीया भवति युद्धे च विक्रमः प्रदर्शनीयो भवति।

मनसा विचारयता जनेन यशः श्रुतिः चेति गुणद्वयम् वरणीयं भवति। तत्र यशसि अभिरूचिः करणीया, श्रुतौ च व्यसनं करणीयम्।

प्रत्येकं जनस्य जीवने यथावसरम् उपर्युक्तं प्रसङ्गषट्कमेतदायाति एव। एषु षट्सु प्रसङ्गेषु आगतेषु मानवः यादृशं प्रयत्नमाचरति तादृशं तस्य व्यक्तित्वमाकारितं भवति। यः जनः महता प्रयत्नेन विपत्त्यादिषु अवसरेषु धैर्यादिधारणरूपं व्यवहारमाचरति, तस्य व्यक्तित्वं महत् भवति। यस्य व्यक्तित्वं महदस्ति, स एव महात्मा भवति। एवमस्मिन् श्लोके मानवीयस्य व्यक्तित्वस्य रेखाङ्कनं करोति राजर्षिः भर्तृहरिः। वयमपि यथावसरं करणीयं व्यवहारमाचरन्तः महात्मानः स्याम इति दिक्।

## ટિપ્પણી

**इयम् ( इदम् ( सर्व. स्त्री. ) प्र. ए.व. )** આ **व्यक्तित्वम्** વ્યક્તિત્વ, માણસના વ્યવહારથી ઊભી થતી છાપ, માણસનું ચરિત **प्रकृतिसिद्धम् ( प्रकृत्या सिद्धम् - तृ.त. )** સ્વભાવથી સિદ્ધ, સ્વાભાવિક, કુદરતી **महत्** (નપું.) મોટું **साम्प्रतिके** અત્યારના સમયમાં **प्रयत्नरताः** પ્રયત્ન કરવામાં લાગેલા **विविधया ( विविधा ( स्त्री. ) तृ. ए.व. )** જુદી જુદી, વિવિધ **विकासयितुम् ( वि + कास् ( प्रेरक-णिच्-कासय ) तुमुन् > तुम् हे.कृ. )** વિકાસ કરવા માટે **प्रयतन्ते ( प्र + यत् + व.का. अ.ब.व. )** પ્રયત્ન કરે છે **संम्भाव्यते ( सम् + भू प्रेरक - व., अ.ए.व. क.प्र. )** સંભવે છે, શક્ય બને છે **वस्तुतः** હકીકતમાં **अवगच्छामः ( अव + गम् व. उ.ब.व. )** જાણીએ. સમજીએ. **कथं नाम** કેવી રીતે **शतकत्रयम् ( शतकानां त्रयम् - ष.त. )** ત્રણ શતકો (સો સ્વતંત્ર શ્લોકો ધરાવતા કાવ્યને શતકકાવ્ય કહેવામાં આવે છે.) **विपदि ( विपत् ( स्त्री. ) स.ए. )** વિપત્તિમાં, મુશ્કેલીમાં, પરેશાનીમાં ( પર્યાય - **आपद्, विपत्तिः, आपत्तिः** ) **अभ्युदये** ઉન્નતિની સ્થિતિમાં, ઉદયકાળમાં **सदसि ( सदस् ( नपुं. ) स.ए. )** સભામાં **वाक्पटुता ( वाचि पटुः - स.त., वाक्पटोः भावः - वाक्पटुता )** વાણીનું ચાતુર્ય, બોલવામાં હોશિયારી **युधि ( युध् ( स्त्री. ) स.ए. )** યુદ્ધમાં, સંઘર્ષમાં **यशसि ( यशस् ( नपुं. ) स.ए. )** યશમાં, કીર્તિની બાબતમાં **अभिरूचिः** લગાવ, પ્રેમ **व्यसनम्** આદત, ટેવ **श्रुतौ** જ્ઞાનપ્રાપ્તિમાં **इत्थम्** આ રીતે, આમ **अवगन्तव्यम् ( अव + गम् तव्य विधि.कृ. )** જાણવું જોઈએ, સમજવું જોઈએ **विपदः ( विपद् ( स्त्री. ) ष.ए. )** આપત્તિનો **अभ्युदयस्य** ઉન્નતિનો, આગળ વધવાનો **साक्षात्कारः** સામનો **करणीयः ( कृ + अनीय विधि.कृ. )** કરવાનો રહે છે. કરવો જોઈએ. **धरणीयम् ( धृ + अनीय व.कृ. )** ધારણ કરવું જોઈએ **कर्तव्यम् ( कृ + तव्य विधि.कृ. )** કરવા યોગ્ય કાર્યને **आचरता ( आ + चर् + शतृ व.कृ. ( आचरत् ( पुं. ) तृ.ए. )** આચરણ કરતા **प्रदर्शनीयः ( प्र + दृश् ( प्रे. ) + अनीय विध्यर्थ. कृ. )** દેખાડવું જોઈએ **विचारयता ( वि + चर् + शतृ व.कृ., ( विचारयत् ( पुं. ) तृ.ए. )** વિચાર કરતા **गुणद्वयम् ( गुणानाम् द्वयम् - ष.त. )** બે ગુણો **वरणीयम् ( वृ + अनीय वि.कृ. )** પસંદ કરવું જોઈએ **अभिरुचिः** લગાવ, પ્રેમ **यथावसरम् ( अवसरम् अनतिक्रम्य - अ.भा. )** અવસર મુજબ, પ્રસંગ ઊભો થાય ત્યારે **उक्तम् ( वच् + क्त क.भू.कृ. )** કહેલું, બોલેલું **प्रसङ्गषट्कम्** છ પ્રસંગોનો સમૂહ **आयाति ( आ + या + व. अ.पु.ए.व. )** આવે છે **आकारितम् ( आ + कृ कारि + क्त - त भू.कृ. )** ઉપસી આવેલું, આકારેલું **रेखाङ्कनम् ( रेखायाः अङ्कनम् - ष.त. )** રેખાંકન, રેખાચિત્ર **नीतिज्ञः ( नीतिं जानाति असौ - उ.त. )** નીતિને જાણનાર, નીતિશાસ્ત્રી **इति दिक्** (આ પદાવલિનો પ્રયોગ કરીને કોઈ લેખ કે પ્રસંગની પૂર્ણાહુતિ કરવાની સંસ્કૃતમાં પરંપરા છે. તેનો અર્થ થાય છે - આટલું દિશા સૂચન પૂરતું છે.

## સન્ધિ

यदस्मदीयम् (यत् अस्मदीयम्) । परन्त्वत्र (परन्तु अत्र) । इत्येकः (इति एकः) । धैर्यमथाभ्युदये (धैर्यम् अथ अभ्युदये) । चाभिरुचिर्व्यसनम् (च अभिरुचिः व्यसनम्) । तच्चेत्थम् ((तत् च इत्थम्) । चेति (च इति) । प्रसङ्गषट्कमेतदायाति (प्रसङ्गषट्कम् एतत् आयाति) । महदस्ति (महत् अस्ति) । स एव (सः एव) ॥

## વિશેષ

**1. प्रकृतिसिद्धं हि महात्मनाम् ।** સમાજમાં કેટલાક લોકો પોતાને મહાત્મા તરીકે પ્રસ્થાપિત કરતા હોય છે. એ માટે કેટલાક લોકો વસ્ત્રનો, તો કેટલાક જ્ઞાનનો, તો કેટલાક વળી વાક્છટાનો અને દંભનો આશ્રય લેતા હોય છે; પરંતુ એ યાદ રાખવા જેવું છે કે આ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતો માણસ કદી મહાત્મા હોઈ શકે નહિ. તમારે જો મહાત્મા માણસની પરીક્ષા કરવી હોય, તો તેના જીવનમાં આવતા વિપત્તિના અને અભ્યુદયના સમયમાં તેના દ્વારા કરવામાં આવતો વ્યવહાર તપાસી લેજો. જો તે વિપત્તિમાં ધૈર્ય બતાવે અને અભ્યુદયમાં ક્ષમા આચરે, તો સમજવું કે આ સાચો મહાત્મા છે. એવી જ રીતે જ્યારે એ માણસ સભામાં ઉપસ્થિત હોય અને પોતાના વાક્ચાતુર્યથી સત્યનો પક્ષ પ્રબળ બનાવી શકે અને સંઘર્ષ કે યુદ્ધનો અવસર આવતાં વિક્રમ દર્શાવી શકે, તો સમજવું એ માણસ મહાત્મા છે અને છેલ્લે જો તેની રુચિ યશ કમાવવામાં હોય અને શ્રુતિ અર્થાત્ (સજ્જનોને, વિદ્વાનોને) સાંભળવાનું વ્યસન હોય, તો સમજી લેવું કે એ મહાત્મા છે.

કેટલાક મહાન આત્માઓ છે, જે આ બધા ગુણો પોતાની સાથે લઈને જન્મે છે. પણ જે આ ગુણોને લઈને ન જન્મ્યું હોય અને છતાં પણ તે આ બધા ગુણો કેળવવા ઇચ્છતું હોય, તો તેણે આ માટે પ્રયત્ન કરવો ઘટે. જે પ્રકૃતિસિદ્ધ મહાત્મા નથી, તે સ્વપ્રયત્નથી મહાત્મા બની શકે છે. શરત એટલી કે તેનું વ્યક્તિત્વ ઉપર્યુક્ત રીતનું હોય.

## સ્વાધ્યાય

**1. संस्कृतभाषायाम् एकवाक्येन उत्तरं लिखत ।**

(1) सर्वेषां जनानां का कामना भवति ?

(2) अभ्युदये किं करणीयं भवति ?

(3) वाक्पटुता कुत्र अपेक्षिता भवति ?

(4) धैर्यं कदा धरणीयं भवति ?

**2. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) સાંપ્રત સમયમાં લોકો કઈ બાબતમાં વધુ પ્રયત્નરત થઈ રહ્યા છે ?

(2) વ્યક્તિત્વના નિર્માણનો પ્રયત્ન ક્યારે સંભવિત બની શકે છે ?

(3) રાજર્ષિ ભર્તૃહરિરચિત શતકો કેટલાં છે અને કયાં કયાં ?

(4) મહાત્માઓની પ્રકૃતિસિદ્ધ બાબતો કઈ કઈ છે ?

**3. સવિસ્તર સમજાવો :**

(1) પ્રસંગષટ્ક

**4. સસંદર્ભ વિવરણ કરો :**

(1) श्रुतौ च व्यसनं करणीयं भवति।

(2) प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्।

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) शतकत्रयम्

(2) नीतिशतकम्

(3) श्रुतिः

(4) गुणद्वयम्

•